સમર્પિત આયોગના અધ્યક્ષશ્રીની નિમણૂકની બોલીઓ
અને શરતો નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2088/A Section
સચિવાલય ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૪/૦૯/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- **SJED/CFO/e-file/17/2025/1932/A Section**

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમ-(૧) આગળના ઠરાવથી નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની પુન: રચના કરવામાં આવેલ છે. પુન: રચિત સમર્પિત આયોગના અધ્યક્ષશ્રી બી. એન. કારીઆની નિમણૂકની બોલીઓ અને શરતો નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

1) સમર્પિત આયોગના અધ્યક્ષશ્રી બી. એન. કારીઆ, નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને નાણાં વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) મુજબ "પે-માઈનશ પેન્શન"ના ધોરણે માનદવેતન ચૂકવવાનું રહેશે.

2) સમર્પિત આયોગના અધ્યક્ષશ્રી બી. એન. કારીઆની નિમણૂકની મુદ્દત રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધીની રહેશે.

3) રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશોને તેમની સેવા નિવૃત્તિ સમયે મળતા અથવા મળવાપાત્ર લાભો, સવલતો વિગેરે અધ્યક્ષશ્રી બી. એન. કારીઆને મળવાપાત્ર થશે.

4) અધ્યક્ષશ્રીએ સમર્પિત આયોગની કાર્યરીતિ અને તેમાં લેવાયેલ નિર્ણયોમાં ગુપ્તતા જાળવવાની રહેશે.

5) અધ્યક્ષશ્રી સરકારી કામકાજના હેતુસર તેઓને ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કરી શકશે.

6) અધ્યક્ષશ્રીને સરકારી કામે કરેલ પ્રવાસ માટે તેઓના નિવૃત્તિ સમયના મૂળ પગારને આધારે મળવાપાત્ર હવાઈ મુસાફરી તેમજ રેલવે મુસાફરી ભથ્થુ ચૂકવવાનું રહેશે.

7) અધ્યક્ષશ્રીની નિમણૂક અંગેની અન્ય બોલીઓ અને શરતો નાણાં વિભાગના અનુક્રમે તા.૦૩/૧૨/૨૦૧૧ના

ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) તથા તા.૦૧/૧૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:-પગર/૧૦૨૦૧૨/૭૪/પગાર એકમ(પી) મુજબ રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

(જી. પી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સમર્પિત આયોગ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્‌ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ-૨૦૨૫.

*Signature Not Verified*

*Signed by:Girishchandra Prahladbhai Patel
Joint Secretary
Date:2025.10.08
11:40:26 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*